અહેવાલ સભાગૃહમાં રજૂ થયા તારીખ : ૨૨/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ
# નવમો અહેવાલ

**(ગૃહ વિભાગ હસ્તકની કચેરીઓમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ/કર્મચારીઓની ટકાવારી મુજબ અનામત જગ્યાઓની તપાસ)**

## ગૃહ વિભાગ


ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઇ પટેલ ભવન
સેક્ટર-૧૦
ગાંધીનગર
૨૦૨૨

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા તારીખ : ૨૨/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ
# નવમો અહેવાલ

**(ગૃહ વિભાગ હસ્તકની કચેરીઓમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ/કર્મચારીઓની ટકાવારી મુજબ અનામત જગ્યાઓની તપાસ)**

## ગૃહ વિભાગ

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઇ પટેલ ભવન
સેક્ટર-૧૦
ગાંધીનગર
૨૦૨૨

Hb-400-10-2022-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૨૧–૨૨ના વર્ષમાં પુન: રચના)

## પ્રમુખશ્રી

શ્રી મોહનભાઇ ઢોડિયા

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી બચુભાઇ ખાબડ

શ્રી અભેસિંહ તડવી

શ્રી ગણપતભાઇ વસાવા

શ્રી આનંદભાઇ ચૌધરી

શ્રી સુનીલભાઇ ગામીત

શ્રી વિજયભાઇ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ. પટેલ – સચિવ

શ્રી વિનોદ રાઠોડ – ઉપસચિવ

શ્રી જસ્મીન કાવઠિયા – સેક્શન અધિકારી

# અહેવાલ

હું ચૌદમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ સમિતિનો નવમો અહેવાલ રજુ કરું છું.

૨. સમિતિએ ગૃહ વિભાગ હસ્તકની કચેરીઓમાં અનુસૂચિત જનજાતિ વર્ગના અધિકારીઓ/કર્મચારીઓની નોકરીમાં ટકાવારી સંબંધિત મહેકમ અંગેની તપાસ હાથ ધરી હતી.

૩. સમિતિની તા.૨૩/૧૧/ ૨૦૨૧ અને તા.૨૩/૮/૨૦૨૨ એમ બે બેઠકો મળી હતી, જેમાં ગૃહ વિભાગ તરફથી મળેલ તા.૨૨/૧૧/૨૦૨૧ અને તા.૮/૪/૨૦૨૨ના સાહિત્ય ઉપર વિભાગના પ્રતિનિધિશ્રીઓની રૂબરૂ તપાસ કરી હતી.

૪. સમિતિએ તેની તા.૨૦/૦૯/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં આ અહેવાલના મુસદ્ધા ઉપર વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

૫. સમિતિએ તા. ૨૩/૧૧/૨૦૨૧ રોજ મળેલી બેઠકમાં, રાજ્યમાં નાયબ પોલીસ અધિક્ષકની જગ્યાઓ બાબત પૃચ્છા કરતાં વિભાગે એસ.પી.જી.ઓ રેલ્વે સુરત તથા વડોદરા સિવાયની તમામ બેઠકો ભરેલી હોવાનું જણાવ્યું હતુ. સમિતિએ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીમાં અનુ.જનજાતિની સિનિયર ક્લાર્કની ૩૦ જગ્યાઓ બઢતીથી ખાલી હોવા બાબત પૃચ્છા કરતાં

વિભાગે યોગ્ય ઉમેદવારો ન મળતા આ જગ્યાઓ ખાલી રહી હોવા સાથે સદર જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત કાર્યવાહી ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

૬. સમિતિએ વર્ગ–૪ની ૨૫૩ જગ્યા ખાલી હોવા બાબત તથા આ જગ્યાઓમાં અનુસુચિત જનજાતિના ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે છે કે કેમ તે સંબંધમાં પૃચ્છા કરતા વિભાગે આ જગ્યાઓ ખાનગી એજન્સી દ્વારા ભરવામાં આવતી હોવાથી તેમાં કોઈ ટકાવારી લાગુ પડતી ન હોવાનું અને આ જગ્યાઓ સક્ષમ ઉમેદવારોની ઉપલબ્ધિ પ્રમાણે ભરવામાં આવતી હોવાનું જણાવ્યું હતુ. સમિતિ વર્ગ–૪ની જગ્યાઓમાં આદિવાસી ઉમેદવારોને પ્રાધાન્ય આપવા ભલામણ કરે છે.

૭. ટેકનિકલ ઓપરેટરની ભરતી પ્રક્રિયા છેલ્લા પાંચ વર્ષથી ચાલતી હોવા બાબતે સમિતિની પૃચ્છા સંબંધમાં વિભાગે જણાવ્યું કે આ માટે એક કમિટી નક્કી થયેલ છે જેના હેઠળ કાર્યવાહી ચાલુ છે. છેલ્લા બે વર્ષથી કોરોનાને કારણે ભરતી થઈ શકી ન હોતી જે હવે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. વિભાગે આગળ જણાવ્યું કે ટેકનિકલ કમિટી સમક્ષ કુલ ૩૩૩ જગ્યાઓ છે જેમાં અનુસૂચિત જનજાતિના ૩૪ પુરૂષ અને ૧૫ મહિલા સહિત ૪૯ જગ્યાઓ છે જેની જાહેરાત આપી દેવામાં આવેલ છે. આ જગ્યાઓ વહેલી તકે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

૮. સમિતિએ વિવિધ કેટેગરીની ટેકનિકલ જગ્યાઓ તથા અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી, અમદાવાદમાં જુનિયર કલાર્કની સીધી ભરતીના માગણી પત્રકો છેલ્લા પાંચ વર્ષથી મોકલ્યા હોવા બાબત પૃચ્છા કરતાં વિભાગે સરકારમાંથી મંજૂરી ન મળવાને કારણે ટેકનિકલ જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરી શકાઈ ન હોવાનું જણાવ્યું હતુ. આ બધી જગ્યાઓ વહેલી તકે ભરવા અને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

૯. સિપાહીની સીધી ભરતીની ૮૧ જગ્યા બાબત તથા તેમાં લેવામાં આવેલ વાંધા બાબત સમિતિએ પૃચ્છા કરતા સિપાહીની ભરતી માટે પોલીસ ભરતી બોર્ડમાં તેનો સમાવેશ કરવાની કાર્યવાહી ચાલે છે તેવું વિભાગે જણાવ્યું. સમિતિને લાગે છે કે ગૃહ વિભાગ હસ્તકની કચેરીઓમાં મંજૂર મહેકમ મુજબની જગ્યાઓ ભરવામાં આવતી નથી તેના કારણે અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં ઘણા ઉમેદવારો બેરોજગાર રહી જાય છે તો આ જગ્યાઓ કુલ મંજૂર મહેકમ પ્રમાણે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

૧૦. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીમાં સીનીયર કલાર્કની ૨૩ જગ્યા ખાલી હોવા બાબત પૃચ્છા કરતાં વિભાગે જણાવેલ કે પાંચ(૫) જગ્યા બઢતીથી ભરવામાં આવેલ છે.

આ જગ્યામાં જુનીયર ક્લાર્કમાંથી બઢતી આપવામાં આવતી હોઈ બાકી જગ્યાઓ લાયક ઉમેદવાર ન મળવાને કારણે ખાલી છે. તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે લીધેલ પરીક્ષાના પરિણામ બાદ જો ગૃહ વિભાગ મંજૂરી આપશે તો બઢતી આપવામાં આવશે. ગૃહ વિભાગ મંજૂરી આપશે તો જગ્યાઓ ભરવામાં આવશે તેવો જવાબ અયોગ્ય છે. આ જગ્યાઓ વહેલી તકે ભરવા સમિતિ ભલામણ કરે છે.

૧૧. પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરીમાં વિવિધ ટેકનિકલ જગ્યાઓ ભરવા માટે તા.૩૦/૯/૨૦૨૧ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતની કાર્યવાહી હાલ કયા તબક્કે છે તે બાબત સમિતિએ પૃચ્છા કરતાં વિભાગે જણાવેલ કે આ પરીક્ષા થઈ ગયેલ છે અને તેનું પરિણામ પણ આવી ગયેલ છે. હાલ દસ્તાવેજ ચકાસણીની કાર્યવાહી ચાલે છે. જે પૂર્ણ થયે ઉમેદવારોને નિમણૂક આપવામાં આવશે. આ નિમણૂકો તાત્કાલિક કરી સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

૧૨. પોલીસ વિભાગમાં છેલ્લા આઠ મહિનામાં સીધી ભરતીની જગ્યાઓમાં કઈ જગ્યાઓ ઉપર એસ.ટી ઉમેદવારોની ભરતી થઈ તે બાબત સમિતિએ પૃચ્છા કરતાં વિભાગે પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ભરતીની કાર્યવાહી પૂર્ણ થઈ છે અને તેમાં ટકાવારી પ્રમાણે અનુસૂચિત

જનજાતિના ઉમેદવારોની ભરતી થઈ હોવાનું જણાવ્યુ હતુ. બીજુ હથિયારી, બિન હથિયારીમાં એસ.આર.પી.ના કોન્સ્ટેબલની ભરતી પ્રક્રિયા ચાલુ હોવાનું અને તેમાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની ભરતી થઈ જશે તેમ જણાવ્યું હતુ. જે અનુસૂચિત જનજાતિના ઉમેદવારો જનરલ કેટેગરીમાં આવતા હશે, તેમને અલગ ગણવામાં આવશે તે સાથે વિભાગે માહિતી આપી હતી કે ટેકનિકલ રિક્રૂટમેન્ટ બોર્ડ હસ્તકની પોલીસ સબ ઈનસ્પેક્ટર વાયરલેસની પાંચ જગ્યા, ટેકનિકલ ઓપરેટરની પર જગ્યા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.ટી.માં પાંચ જગ્યા અનુસૂચિત જનજાતિ વર્ગની છે જેની પરીક્ષા લેવાઈ ગઈ છે પરંતુ મેટર સબ જ્યુડીશ હોઈ ક્લીયર થયે નિમણૂક આપવામાં આવશે. આ બધી જગ્યાઓ વહેલી તકે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

૧૩. સન.૨૦૧૭ થી ૨૦૨૧ના ગાળા દરમિયાન આદિજાતિ વિસ્તારમાં બનેલ ખૂનના ૫૫, મહાવ્યથાના ૭૪ અને ખાસ કરીને આદિવાસી મહિલાઓ પર બળાત્કારના ૧૧૩ બનાવોની સમિતિ ગંભીર નોંધ લે છે અને એટ્રોસીટી એક્ટની કડક અમલવારી થાય તથા જે કંઈ ઉપાયો લેવામાં આવે છે તેને સઘન બનાવવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.

૧૪. સમિતિ, ગૃહ વિભાગની તપાસ દરમિયાન સમિતિ સમક્ષ ઉપસ્થિત રહીને સમિતિને પૂરી પાડવામાં આવેલ માહિતી તથા આપવામાં આવેલ સાથ–સહકાર આપવા બદલ વિભાગના અધિકારીઓ તથા અન્ય સ્ટાફનો આભાર માને છે. આ સાથે સમિતિને મદદરૂપ થવા બદલ વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

**મોહનભાઈ ઢોડિયા**
પ્રમુખ
અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ
માટેની સમિતિ

ગાંધીનગર
તા.૨૦/૦૯/૨૦૨૨

## સમિતિની ભલામણો

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૬ | સમિતિ વર્ગ–જની જગ્યાઓમાં આદિવાસી ઉમેદવારોને પ્રાધાન્ય આપવા ભલામણ કરે છે. |
| ૨ | ૭ | ટેકનિકલ કમિટી સમક્ષ કુલ ૩૩૩ જગ્યાઓ છે જેમાં અનુસૂચિત જનજાતિના ૩૪ પુરૂષ અને ૧૫ મહિલા સહિત ૪૯ જગ્યાઓ છે વિભાગના આ જવાબના અનુસંધાને આ જગ્યાઓ વહેલી તકે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૮ | વિવિધ કેટેગરીની ટેકનિકલ જગ્યાઓ તથા અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી, અમદાવાદમાં જુનિયર ક્લાર્કની સીધી ભરતીના માગણી પત્રકો છેલ્લા પાંચ વર્ષથી મોકલ્યા હોવાની બાબતને સરકારમાંથી મંજૂરી ન મળવાને કારણે ટેકનિકલ જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરી શકાઈ ન હોવા અંગે આ બધી જગ્યાઓ વહેલી તકે ભરવા અને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૪ | ૯ | ગૃહ વિભાગ હસ્તકની કચેરીઓમાં મંજૂર મહેકમ મુજબની જગ્યાઓ ભરવામાં આવતી નથી તેના કારણે અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં ઘણા ઉમેદવારો બેરોજગાર રહી જાય છે તો આ જગ્યાઓ કુલ મંજૂર મહેકમ પ્રમાણે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૫ | ૧૦ | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીમાં સીનીયર ક્લાર્કની ખાલી જગ્યાઓ લાયક ઉમેદવાર ન મળવાને કારણે ખાલી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે લીધેલ પરીક્ષાના પરિણામ બાદ જો ગૃહ |

| ક્રમ નં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| | | વિભાગ મંજૂરી આપશે તો બઢતી આપવામાં આવશે તેવો વિભાગનો જવાબ અયોગ્ય છે. આ જગ્યાઓ વહેલી તકે ભરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૧૧ | પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરીમાં વિવિધ ટેકનિકલ જગ્યાઓ ભરવા માટે તા.૩૦/૯/૨૦૨૧ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતની પરીક્ષાનું પરિણામ આવી ગયેલ છે અને દસ્તાવેજ ચકાસણીની કાર્યવાહી ચાલુ હોવાના વિભાગના જવાબમાં આ નિમણૂકો તાત્કાલિક કરી સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૭ | ૧૨ | હથિયારી, બિન હથિયારીમાં એસ.આર.પી.ના કોન્સ્ટેબલ, ટેકનિકલ રિક્રૂટમેન્ટ બોર્ડ હસ્તકની પોલીસ સબ ઇનસ્પેક્ટર વાયરલેસની પાંચ જગ્યા, ટેકનિકલ ઓપરેટરની ૫ર જગ્યા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.ટી.માં પાંચ જગ્યા, અનુસૂચિત જનજાતિ વર્ગની લેવાઈ ગયેલ અને સબ જ્યુડીશ હેઠળની વિગેરે જગ્યાઓ વહેલી તકે ભરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૮ | ૧૪ | સન. ૨૦૧૭થી ૨૦૨૧ના ગાળા દરમિયાન આદિજાતિ વિસ્તારમાં બનેલ ખૂનના ૫૫, મહાવ્યથાના ૭૪ અને ખાસ કરીને આદિવાસી મહિલાઓ પર બળાત્કારના ૧૧૩ બનાવોની સમિતિ ગંભીર નોંધ લે છે અને એટ્રોસીટી એક્ટની કડક અમલવારી થાય તથા જે કંઈ ઉપાયો લેવામાં આવે છે તેને સઘન બનાવવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે. |

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.